# " ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિધ્યાર્થીઓના વિસ્તાર અને જાતિના સંદર્ભમા વ્યક્તિત્વનો અભ્યાસ "

**Savubha b. Jadeja**
(M.A.Psychology)
(GSET)
Krantiguru Shyamji Krishna Verma Kutchh University,Gujrat (india)

**Abstract**

પ્રસ્તુત અભ્યાસ ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓના જાતિ અને વિસ્તારના સંદર્ભમાં વ્યક્તિત્વના મંદમનોવિકૃતિ અને બહિર્મુખી આ બે ઘટકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે . પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરિકે ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા 120 વિધ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ છે , જેમા 60 છોકરા તેમજ 60 છોકરીઓનો સમાવેશ થયેલ છે . પ્રસ્તુત અભ્યાસમાં વિધ્યાર્થીઓના વ્યક્તિત્વ પાસાઓના માપન માટે આઈઝેંક રચિત મોડ્સ્લે વ્યક્તિત્વ સંશોધનિકા MPI ના ડો.ડી.જે ભટ્ટ દ્વારા રુપાંતરીત કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે . વિધ્યાર્થીઓના વ્યક્તિત્વના વિવિધ પાસઓ જેવા કે મંદમનોવિકૃતિ – આવેગ સ્થિરતા અને અંતર્મુખત-બહિર્મુખતાના પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંકોનું જાતિ અને વિસ્તારના આધારે મધ્યક , પ્રમાણિત વિચલન અને 'ટી' ગુણોતર શોધવામાં આવ્યો તેમજ તેની ચકાસણી 0.05 સાર્થકતાની કક્ષાએ તપાસવામાં આવી . પ્રાપ્ત પરિણામો દ્વારા મળેલ માહિતી પરથી કહી શકાય કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિધ્યાર્થીઓના વિસ્તારની દ્રષ્ટિએ વ્યક્તિત્વના ઘટકોના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી , તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિધ્યાર્થીઓના જાતિના આધારે પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી .